# Day to Day Current Affairs

**25. ઓક્ટોબર 2015**

## ૧ એરફોર્સમાં મહિલા ફાઇટર પાઇલોટના સમાવેશને કેન્દ્ર સરકારની મંજુરી :

- તાજેતરમાં કેન્દ્ર સરકારે એરફોર્સમાં મહિલા પાયલોટને ફાઇટર પ્લેન ઉડાવવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે.
- આ સાથે જ એરફોર્સમાં ફરજ બજાવતી મહિલા સૈનિકો પહેલીવાર ફાઇટરની ભુમિકા ભજવશે.
- એરફોર્સમાં હાલ 94 પાયલટ અને 14 નેવિગેટર સહિત કુલ 1500 મહિલાઓ ફરજ બજાવી રહી છે.
- હાલ, મહિલા સૈનિકોની એક બેચની તાલીમ ચાલી રહી છે, આ બેચમાંથી મહિલા ફાઇટર પાયલટોની પસંદગી કરીને તેમને જુન 2016થી તાલિમ આપવામાં આવશે.
- આ તાલીમ 1 વર્ષની હશે, ત્યારબાદ જુન 2017થી તેઓ ફાઇટર પાયલટ તરીકે કોકપીટમાં દાખલ થશે.
- પાકિસ્તાની વાયુસેનાએ ચાલુ વર્ષ જ મહિલા ફાઇટર પાયલટની મંજુરી આપી દીધી હતી, અને આયેશા ફારૂખ પાકિસ્તાનની પ્રથમ મહિલા ફાઇટર પાયલટ બની હતી.
- ભારતમાં લશ્કરી કે બિન લશ્કરી કોઇપણ પ્રકારનું પહેલું વિમાન 1936માં ઉડાવનાર મહિલા પાયલટ સરલા ઠકરાલ હતાં.
- 21 વર્ષની ઉંમરે તેઓ ભારતના પ્રથમ મહિલા પાયલટ બન્યા હતાં, તેઓએ જે વિમાન ઉડાવ્યું તેનુ નામ 'જીપ્સી મોથ' હતું.
- ભારતના આ પ્રથમ મહિલા પાયલટનું માર્ચ 2008માં અવસાન થયું હતું.

Vivekanand Academy, Gandhinagar